
## આલઈ ની...

# ઉડાન

ભારતી જગન્નાથન
ચિત્રો : પ્રીતિ કૃષ્ણમૂર્તિ

આર્ચ
एकलव्य


# આલઈ ની... ઉડાન



ભારતી જગન્નાથન
ચિત્રો : પ્રીતિ કૃષ્ણમૂર્તિ

આર્ચ પ્રકાશન

નંદિની, નિત્યા અને શ્રુતિ માટે





આલઈની ડાળીઓ પર સેંકડો ચકલી, બુલબુલ, મેના અને પોપટ રહેતા હતા. ચિબરી આખી રાત રખડપટ્ટી કરીને વહેલી સવારે પાછી આવતી, ત્યારે એ બધાં ખાવાનાની શોધમાં નીકળી પડતાં. સાંજ પડતાં જ બધાં પાછા આવતા, કલબલ કલબલ કરતાં, પોતે આજે જોયેલી નવી જગ્યાઓ વિષે એકબીજાને કહેતાં.






‘‘બોલો, હું ક્યાં ગઈ હોઈશ ?’’ ચુઈક ચકલી બોલી, ‘‘હું તો એવા ખેતરો પર ઉડી જેમાં રાયડો લહેરાતો હતો. - એવો ઘાટ્ટો પીળો રંગ હતો એનો ! અરે શું ચટાકેદાર જીવડાં ખાવા મળ્યા, વાત પૂછો મા !’’




‘‘અને મેં જોયો એક પર્વત,’’ લિલિયા પોપટે ફાંકો મારતા કહ્યું, ‘‘ ખબર છે એટલો ઊંચો હતો તે.....
અને તેણે માથે પહેરી હતી ચમકતા સફેદ બરફની ટોપી. હું તો બસ એના
માથા ઉપરથી ઉડવા જ જતો હતો, પણ મને યાદ આવ્યું કે
સ્વેટર પહેરવાનું તો હું ભૂલી જ ગયો હતો.’’



“આટલી મોટી ગપ્પ ના મારીશ, પર્વતને કોઈ ઓળંગી ના શકે.”
મિની મેના બોલી. “હા, પણ હું જરૂર એક નવી ચીજ ઉપરથી ઉડી છું.
એ લાંબી, કાળી અને કૂ ઉ ઉ... છુક... છુક... છુક... એમ બોલતી જતી હતી. ખબર નહીં શું હતું એ ?”





એટલામાં ગુટરિયું કબૂતર ઉત્સાહથી બોલ્યું,
‘‘બોલો, ખબર છે, આજે મને શેના પરથી ઉડવા મળ્યું હશે ?
એક નદી ઉપરથી. એનું ચમકતું ભૂરું પાણી તો જાણે નાચી રહ્યું હતું.’’

‘‘અને હું ઉડ્યો એક મોટા શહેર પરથી.’’ કાંવ કાગડો બોલ્યો, ‘‘શહેરના રસ્તાઓ પર ચારે તરફ માણસો જ માણસો અને બજાર તો ભાતભાતની રંગબેરંગી વસ્તુઓથી ઊભરાતું હતું. મેં તો ઝપટ મારીને એક ભજિયું ઉઠાવી લીધું. ઓ હો હો ! કેવું મજાનું હતું બધું !’’



આલઈ નિરાંતે બધાંની વાતો સાંભળતી. પછી ફેલાવતી પોતાના હાથ... ના, ના, ડાળીઓ.
ચિબરી રાતભર ફરવા-ચરવા માટે નીકળી પડતી અને બાકીના પંખીઓ ભરનિંદરમાં સૂઈ જતાં.
એ વિશાળ જુના પુરાણા ઝાડ પર શાંતિ છવાઈ જતી, જે તૂટતી બસ હવા અને પાંદડાંની
અંદરો અંદરની ફૂસફૂસથી.



આ બધું બનતું રહ્યું રોજ સાંજે કંઈ, કંઈ, કેટલાંય વર્ષો સુધી. અને આલઈ પણ નાનકડી વડલીમાંથી એક વિશાળ વટવૃક્ષ થઈ ગઈ.

પછી એક દિવસ, આલઈ સૂનમૂન થવા લાગી. કોણ જાણે ક્યારથી તે આ બધી વાતો સાંભળતી હતી; જે ચકલી અને બુલબુલ તેને કહેતાં ! તેને ય પણ મન થયું એ નદીઓ, પર્વતો અને સુંદર-મઝાના ખેતરોને જાતે જઈને જોવાનું.

તે એ ખેતરો, ફૂલો સુધી પહોંચે કઈ રીતે, એમ સતત વિચારતી રહેતી, અને તેથી આલઈ ઉદાસ રહેવા માંડી. એટલી ઉદાસ કે તેના પાંદડાં સીવીને માળો બનાવતા દરજીડાઓને પણ તેની ઉદાસી અડી ગઈ.







પવન, જે ઘણીવાર આલઈ પાસે ગપ્પાં મારવા આવતો, તેને પણ લાગ્યું કે તેની દોસ્ત મોજમાં નથી. પવને બહુ મનાવી ત્યારે આલઈએ ખુલીને પોતાના મનની વાત કહી કે એને પણ પંખીઓની જેમ ઉડવું છે અને આખી દુનિયા ફરવી છે. પવનને એટલી તો સમજ પડી ગઈ કે આ કામ કંઈ સહેલું નથી, તેમ છતાં પવને આલઈને મદદ કરવાનું વચન આપ્યું..

દમ લગા કે હઈશા, દમ લગા કે હઈશા...


આલઈ અને પવન આખી રાત બસ આમ જ કરતાં રહ્યા. પછી તો શું, નાના પંખીડા રોવા માંડયા. કાબરોને લાગ્યું કે બુલબુલો વચ્ચે યુધ્ધ ફાટી નીકળ્યું છે. ડરી ગયેલા પોપટોને લાગ્યું કે આકાશ હમણાં પડયું, હમણાં પડશે... સહુમાં સમજુ અનિલ ખિસકોલીએ કહ્યું કે આ લો ! ધરતી જ ફાટી છે અને સાચેસાચ ધરતી જ ફાટી પડી હતી.



## ગડ઼ગડ઼ – ઘડ઼ઘડ઼ – ભડ઼ભડ઼

કરતી... આખરે આલઈ જમીનમાંથી બહાર આવી જ ગઈ.






હવાને ચીરતી આલઈ ઉડી રહી હતી. એના ઢગલાબંધ મૂળિયાઓ અને ડાળીઓ પૂરી મસ્તીમાં ઝૂમી રહ્યા હતા. વિચારથી પણ વધુ ઝડપે આલઈ ઉડી રહી હતી - જંગલો, મેદાનો, ખેતરોને પાર; પહાડો અને ખીણોની ઉપરથી. તેણે તો જાણે સૂરજનેય ઢાંકી દીધો હતો અને આવો વિચિત્ર નજારો જોવા બધાં લોકો ઘરમાંથી બહાર નીકળી આવ્યા હતા.




આલઈ લહેરાતા ખેતરો-ખળાં ઉપરથી જઈ રહી હતી ત્યારે તેને જોઈને બધાં બૂમો પાડવા માંડયા, ''હે ઉપરવાળા ! શું પેલું કોઈ ઝાડ ઉડી રહ્યું છે ? જો એ નીચે પડશે તો અમારો બધો તૈયાર પાક ચગદાઈ જશે.''

પણ, આલઈ તો ઉડતી ગઈ, દૂર... દૂર... ખૂબ દૂર...




પર્વતે ગભરાઈને ઉપર જોયું અને માથે હાથ મૂકી બોલ્યો, ‘‘આ ઝાડ જો મારા ઉપર પડયું તો મારું અણીદાર, સુંદર શિખર ચપટું થઈ જશે.’’ ‘‘જલ્દી ઉડી જા અહીંથી’’ પર્વતે કહ્યું અને આલઈ ચાલી નીકળી દૂર, ખૂબ દૂર...






નદીએ પણ એ મોટા ઝાડને ઉડતા જોયું અને બોલી,
“હું શું કરું હવે ? આ ઝાડ જો મારી અંદર પડયું તો
મારું બધું પાણી છપ્પાક કરતું બહાર આવી જશે.”
પણ આલઈ પડી નહીં. એ તો ચાલી નીકળી દૂર, ખૂબ દૂર...





હવે આલઈ એક રેલગાડીના પાટાની ઉપર ઉડવા લાગી તો તેના પર ચાલતી રેલગાડી તો બાઘી જ બની ગઈ. ‘‘હું ક્યાં ક્યાં નથી ગઈ, પણ આજ સુધી મેં કોઈ ઝાડને આમ ઉડતા નથી જોયું’’ રેલગાડીએ વિચાર્યું,
‘‘જો આ મારા પાટા ઉપર પડે તો શું થાય ?
પછી હું કેવી રીતે દોડી શકીશ ?’’
પણ, ત્યાં સુધીમાં તો આલઈ ઉડીને
દૂર જતી રહી હતી,
શહેર પર એક નજર કરવા.



માણસોની નજર જેવી ઉપર ગઈ કે
બધાંએ પોતાના માથા ઢાંકી દીધા અને બોલ્યા,
''અરે બાબા બચાવજો, કોઈએ ઉડતા ઝાડ વિષે સાંભળ્યું છે શું ?
આટલું મોટું ઝાડ જો આપણા પર પડે તો આપણું તો કચુંબર જ થઈ જાય.''







હવે આલઈ ઉડીને આગળ ક્યાં જશે ?

પણ એણે પોતાનો ઈરાદો બદલી નાંખ્યો હતો.
આટલી બધી હલચલ મચાવવાની ટેવ નહોતી ને તેને !
એટલે પોતાની ઉડાનમાં અડધી દુનિયા ફરતે આંટો મારીને એ પાછી વળી
અને પોતાના ઘરે આવી ગઈ.









ઘણું બધું હાલી ડોલીને અને આમ-તેમ થઈને આલઈ પોતાની જૂની જગ્યાએ ફરી જામી ગઈ. ચકલી, કાબર, બુલબુલ, પોપટ અને ખિસકોલી બધાં હજી નિરાંતનો શ્વાસ લે ત્યાં તો આલઈએ મો... ...ટું બગાસું ખાધું, આળસ મરડી અને પોતાની ડાળીઓ ફેલાવી દીધી. પછી તો જોવાનું જ શું હતું ? ડરના માર્યા બધાં બહાર ભાગ્યા !

પણ, ફરીથી ઉડવાનો આલઈનો કોઈ ઈરાદો ન હતો. હવે જયારે પણ આલઈને કંટાળો આવે છે, ત્યારે તેનો દોસ્ત પવન આવે છે અને જોરથી ફૂંક મારે છે - અને આલઈ પોતાના પાંદડાંને અહીંયા - ત્યાં બધે ઉડવા મોકલી દે છે. વડલીના લાખો કરોડો પાંદડાં ઉડતા જ રહે છે દુનિયાભરમાં... તમે પણ તો જોયા હશે - ઉડતાં લહેરાતા વડલીના પાંદડાં ?

# આલઈની ઉડાન AALAI KI UDAAN


વાર્તા : ભારતી જગન્નાથન

ચિત્ર : પ્રીતિ કૃષ્ણમૂર્તિ કળા : કનક શશિ

એકલવ્ય દ્વારા હિન્દી ભાષામાં ''आलई की उडान'' નામથી પ્રકાશિત વાર્તાનું ગુજરાતી સંસ્કરણ : આર્ચ, નચિકેતા ટ્રસ્ટ

Gujarati Translation of the Story book "Aalai ki Udaan" published in Hindi by Eklavya



BY NC ND ભારતી જગન્નાથન, ડિસેમ્બર ૨૦૧૬

આ વાર્તાનો ઉપર આપેલ પ્રમાણે ક્રિએટીવ કોમન લાઈસન્સ અંતર્ગત બિન–વ્યાવસાયિક શૈક્ષણિક હેતુસર ઉપયોગ કરી શકાય છે. આવું કરતી વખતે મૂળ સ્ત્રોત તરીકે લેખક અને એકલવ્યનો ઉલ્લેખ કરવો અને તેને સૂચિત કરવું જરૂરી છે. બીજા કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે એકલવ્યનો સંપર્ક કરવો.

BY NC ND પ્રીતિ કૃષ્ણમૂર્તિ, ડિસેમ્બર ૨૦૧૬

આ વાર્તાનો ઉપર આપેલ પ્રમાણે ક્રિએટીવ કોમન લાઈસન્સ અંતર્ગત બિન–વ્યાવસાયિક શૈક્ષણિક હેતુસર ઉપયોગ કરી શકાય છે. આવું કરતી વખતે મૂળ સ્ત્રોત તરીકે ચિત્રકાર અને એકલવ્યનો ઉલ્લેખ કરવો અને તેને સૂચિત કરવું જરૂરી છે. બીજા કોઈ પણ પ્રકારના ઉપયોગ માટે એકલવ્યનો સંપર્ક કરવો.



પ્રવિણ મિલેનિયમ ટ્રસ્ટ–લંડનનાં સહકાર સૌજન્યથી
પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી ૨૦૨૧, કોપી : ૨૦૦૦
સહયોગ રાશિ : રૂા. ૭૫/–

પ્રકાશક : એકશન રીસર્ચ ઈન કોમ્યુનીટી હેલ્થ (આર્ચ)
નગારિયા, ધરમપુર, જીલ્લો વલસાડ–૩૯૬૦૫૦.
ફોન : ૯૮૨૫૬૫૧૩૪૧
Email: arch.dharampur@gmail.com
dhruv561947@yahoo.com

મૂળ પ્રકાશક

एकलव्य
Eklavya Foundation
Jamnalal Bajaj Parisar, Jatkhedi
Bhopal (MP)
www.eklavya.in, Email: books@eklavya.in

મુદ્રક : માર્ક ક્રિએશન, સુરત, મો.: ૯૯૭૪૦૦૯૨૮૬



દમ લગા કે હઈશા,
દમ લગા કે હઈશા...

અડધી રાત્રે
આટલો બધો અવાજ કોણ કરે છે ?
શું આકાશ પડી જવાનું છે ?
શું ધરતી ફાટી રહી છે ?
આખરે થઈ શું રહ્યું છે ?

एकलव्य

પિ.ટા.રા

સહયોગ રાશિ રૂ.૭૫/-

